**૧૯/૦૬/૨૦૨૧**

**પ્રતિશ્રી,**
**સી.ઇ.ઓ.,**
**સુડાભવન, વેસુ,**
**સુરત.**

**<u>વિષય: DCR અંગેની રજુઆતો</u>**

મહાશયશ્રી,

**૧. ATRIUM ને એફ.એસ.આઈ. માંથી બાદ આપવા બાબત.**

અમારી સંસ્થાના સભ્યોએ ATRIUM ને એફ.એસ.આઈ. માંથી બાદ આપવા માટે અમને વિવિધ રજુઆતો કરેલ છે. તાજેતરમાં આવેલ ટોલ બિલ્ડીગની વ્યાખ્યામાં ATRIUM ને એફ.એસ.આઈ. માંથી બાદ કરવાની જોગવાઈ કરેલ છે અને તેને CGDCR માં સમાવેશ કરેલ છે તો આપ બાકીની બિલ્ડીંગોના ATRIUM પણ એફ.એસ.આઈ. માંથી બાદ આપો એવી અમારી નમ્ર અરજ છે.

**૨. બિલ્ડીંગ માં ૪.૫ મીટર ના માર્જીન છોડ્યા બાદ રીકવાયર્ડ પાર્કિંગ આપવા બાબત.**

CGDCR માં મુદ્દા નં.૮ માં (Parking shall be permitted in side or rear margins except in approach road as per reg. no. 6.7.3(11)

મુદ્દા નં.૧૭ (Notwithstanding anything contained in clauses no.1 to 16 above, ramp, vehicular elevator / lift leading to basement or upper floors and parking at ground level shall be provided in such a manner that 4.5 mts. clear stretch of space is kept for the movement of fire equipment and machineries. Provided that in case of parking to be provided in front margin as per clause No. 6.15(9) and 6.15(10) shall be applicable. Provided that, if ramp leads to the podium, in such cases vehicular elevator shall be permissible after keeping required margin as mentioned in podium regulation No. 6.14

ઉપરોક્ત મુદ્દાઓનું અર્થઘટન કરતા કોઈપણ બિલ્ડીંગમાં ૪.૫ મીટરનું માર્જીન છોડ્યા બાદ તેમાં ગ્રાઉન્ડ લેવલનું રીકવાયર્ડ પાર્કિંગ આપી શકાય તેમ છે તો આપને નમ્ર વિનંતી કે આપ તે મંજુર કરશો. ૪ એફ.એસ.આઈ.ના બિલ્ડીંગ્સમાં ૫૦% પાર્કિંગ અનિવાર્ય છે અને તેનું ૨૦% પાર્કિંગ મુલાકાતીઓ (વિઝીટર્સ) માટે જરૂરી છે અને ૫૦% પાર્કિંગ ગ્રાઉન્ડ લેવલ પર હોવુ જરૂરી છે. જો આ માર્જીન ૪.૫ મીટરના માર્જીન છોડ્યા બાદ બાકી રહેતી જગ્યામાં પાર્કિંગ આપવામાં ન આવે તો રીકવાયર્ડ ગ્રાઉન્ડ ફ્લોરનું પાર્કિંગ મોટાભાગના બિલ્ડીંગ્સમાં શક્ય નથી તો અમારી નમ્ર અરજ છે કે અમોને ૪.૫ મીટરનું માર્જીન છોડ્યા બાદ રીકવાયર્ડ પાર્કિંગ ગ્રાઉન્ડ લેવલ પર આપવા માટે મહેરબાની કરશો.

**૩. ૪.૫ મીટર ના માર્જીન છોડ્યા બાદ રેમ્પ તેમજ પાર્કિંગ લીફ્ટ ની મંજુરી આપવા બાબત.**

ઉપરોક્ત મુદ્દા નં.૮, ૧૭ તથા મુદ્દા નં.૨૦ Vehicular Ramp: Connecting ground level with basement level-1 shall be permitted in side and rear margin as per Table No. 1.4.1 for માં જણાવ્યા મુજબ ૪.૫ મીટરના માર્જીન છોડ્યા બાદ રેમ્પ તેમજ પાર્કિંગ માટેની લીફ્ટની મંજુરી આપવા માટે આપને નમ્ર વિનંતી છે.

**૪. ટુ વ્હીલર લીફ્ટના ડાઈમેન્શન બાબત.**

CGDCR માં part-**III** page no-18 table no-13.9 વ્હીકલ લીફ્ટની વ્યાખ્યાના ડાઈમેન્શન આપવામાં આવ્યા છે પરંતુ તેમાં માત્ર કારના ડાઈમેન્શન આપવામાં આવ્યા છે. જેથી અમોને તેમાં ટુ વ્હીલર અંગે લીફ્ટ આપવી હોય તો તેમાં અમને મુશ્કેલી નડે છે તો આપને નમ્ર વિનંતી છે કે, આપ ટુ વ્હીલર લીફ્ટના ડાઈમેન્શન બાબતે સ્પષ્ટતા થાય એ મુજબ માર્ગદર્શન આપશો.

**લિ. આપના વિશ્વાસુ**

| | | |
|---|---|---|
| **સુરેશ પટેલ**<br>**ચેરમેન**<br>**ક્રેડાઈ-સુરત** | **રવજીભાઈ પટેલ**<br>**પ્રમુખ**<br>**ક્રેડાઈ-સુરત** | **વિજય ધામેલિયા**<br>**માનદ્‌મંત્રી**<br>**ક્રેડાઈ-સુરત** |